## ADDL. CHIEF METROPOLITAN MAGISTRATE, AHMEDABAD

IN A SUMMARY WAY UNDER CHAPTER XXII OF THE CODE OF CRIMINAL PROCEDURE (ACT X OF 1882)

-----------------------------------------------------------------

ક્રિમીનલ કેસ નં.૪૩૪૬૦/૨૦૧૯

-----------------------------------------------------------------

આંક–

| | | |
|---|---|---|
| ક. | કેસનો અનુક્રમ નબર : | ૪૩૪૬૦/૨૦૧૯ |
| ખ. | ગુન્હો બન્યાની તારીખ : | ૨૨/૦૯/૨૦૧૮ |
| ગ. | ફરીયાદની તારીખ : | ૨૨/૦૯/૨૦૧૮ |
| ઘ. | ફરીયાદીનુ નામ : | શ્રી સરકાર |
| ચ. | આરોપીના નામ, ઉંમર અને રહેઠાણ : | વિકાસ મુળચંદ કેસરવાની,<br>રહેવાસી– રણછોડભાઈના મકાનમાં રામદેવ શકિતનગર, ગુપ્તાનગર, ભાઠા વાસણા, અમદાવાદ.<br>મુળવતન ગામ મૌવચિત્તકુટ, તા.ચિત્રકુટ, જી.અલ્લાહાબાદ, ઉ.પ્ર. |
| છ. | ફરીયાદમાંનો આરોપ અથવા સાબિત થયેલો આરોપ : | ઈ.પી.કો. કલમ ૨૮૩ |
| જ. | આરોપીઓનો જવાબ અને તપાસણી.<br>**સવાલ :** તમોને પોલીસ પેપર્સની નકલ મળેલી છે?<br>**જવાબ :** હા જી<br>**સવાલ :** તમો આરોપીએ ફરીયાદમાં જણાવેલ સ્થળ અને સમયે તમારા કબ્જામાં અથવા હવાલાની કોઈ મિલ્કતની કોઈ વ્યવસ્થા નહિં કરી, કોઈ જાહેરમાર્ગમાં કોઈ વ્યકિત માટે ભય ઉભો કરી અને અડચણ કરી ઈ.પી.કો. કલમ ૨૮૩ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે, જે ગુન્હો તમોને કબુલ છે?<br>**જવાબ :** હા, મને સ્વેચ્છાએ ગુન્હો કબુલ છે. | | |

----------------- મારી રૂબરૂ

તા.૧૮/૦૫/૨૦૧૯
અમદાવાદ.

(આર.બી.મારફતિયા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ,
અમદાવાદ
કોડ નં.જીજે૦૦૬૩૩

**ઝ. નિર્ણય:**

- આ કામમાં વાસણા પો.સ્ટે દ્વારા આરોપી વિરુદ્ધ ઈ.પી.કો. કલમ ૨૮૩ મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતા તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કો. કલમ ૨૦૭ અન્વયે વિના મૂલ્યે આપવામાં આવેલ છે. આરોપી સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ દ્વારા ગુના કબુલાત પુરસીસ આંક–૨ થી રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની તેમની વિરુદ્ધના ગુના સબબ આંક–૩ થી પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓએ ગુનો કબુલ છે તેવુ જણાવેલ છે.
- સજા બાબતે આરોપીને સાંભળતા આરોપી આ તેમનો પ્રથમ ગુનો છે તેમ જણાવે છે અને ગુના બદલ પસ્તાવો થાય છે અને ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહિં કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે. એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.
- આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરુદ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતા ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરુ છુ.

**ટ.સજા કે આખરી હુકમ**

- આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ હેઠળ **ઈ.પી.કો.કલમ–૨૮૩** ના ગુના માટે તકસીરવાન ઠરાવી **રૂ.૧૦૦/–(અંકે રૂપિયા એકસો પુરા )** પૂરા લેખે દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને ....... **દિવસની સાદી કેદની સજા કરવામાં આવેછે.**

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, સહી કરી, જાહેર કર્યો.

**ઠ. કાર્યવાહી પુરી થયાની તારીખ**

તા.૧૮/૦૫/૨૦૧૯
અમદાવાદ.

(આર.બી.મારફતિયા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ,
અમદાવાદ
કોડ નં.જીજે૦૦૬૩૩